# ગુજરાતમાં બેન્કો માટેની જાહેર રજાઓમાં કાપ મુકાતા કર્મચારીઓમાં તીવ્ર પ્રત્યાઘાત

## અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતને અન્યાય : બેંકીંગ સંગઠનો રાજ્ય સરકારને ઉગ્ર રજુઆત કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે જાહેરનામુ બહાર પાડી રાજ્ય સરકારની કચેરીઓ તથા રાજ્યની બેંકો માટેની વર્ષ ૨૦૧૫ ની રજાઓ જાહેર કરી છે. આ જાહેર કરાયેલી રજાઓમાં ગુજરાતની બેંકોની રજાઓમાં ભારે કાપ મુકાતા બેંક કર્મચારીઓ તથા સંગઠનોમાં તેના તિવ્ર પ્રત્યાઘાત પડ્યા છે. અને દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતના બેંક કર્મચારીઓને અન્યાય થતો હોવાની લાગણી ઉદ્‌ભવી છે. જેનો બેંકીંગ સંગઠનોએ વિરોધ કર્યો છે અને તે અંગેની ઉગ્ર રજુઆત સરકારમાં કરવા કાર્યવાહી હાથ ધરાઈ છે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે ૧૮૮૧ ના વટાઉખત અધિનિયમ (૧૮૮૧ ના ૨૬મા) ની કલમ-૨૫ના ખુલાસાને અનુસરીને ગુજરાત સરકાર, રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના પરામર્શમાં ૨૦૧૫ ના વર્ષ દરમ્યાન બેંકો માટે કુલ ૧૫ રજાઓ જાહેર કરી છે. આ રજાઓમાં મહાશિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, ગુડફ્રાઈડે, ભાઈબીજ તથા અન્ય ભુતકાળમાં મળતી રજાઓનો રાજ્ય સરકારે કાપ મુકી દીધો છે. જ્યારે રાજ્ય સરકારની કચેરીઓ માટે કુલ ૨૭ રજાઓ જાહેર કરાઈ છે. જેમાં બીજો અને ચોથો શનિવાર રજા હોય છે જ. જો કે રાજ્ય સરકારની કચેરીઓની રજા સિવાય પણ બેંક કર્મચારીઓને દેશના અન્ય રાજ્યોની સરખામણીએ અન્યાય થઈ રહ્યો હોવાનું બેંક કર્મચારીઓ જણાવી રહ્યા છે. ગુજરાતમાં ધામધૂમપૂર્વક ઉજવાતા ધાર્મિક તહેવારોની પણ આ રજાઓમાં બાદબાકી કરી દેવાતા ધાર્મિકલાગણીઓ પણ દુભાઈ છે.

કર્મચારીઓની લાગણી અને માગણીને ધ્યાને લઈ ગુજરાત રાજ્યના સમગ્ર બેંકીંગ સંગઠનો રાજ્ય સરકારને આ માટે ઉગ્ર રજુઆત કરી ન્યાયની માંગણી કરાવાના છે તેવું બેંકીંગ સુત્રો જણાવી રહ્યા છે. વધુમાં હાલ એટીએમ, ઓનલાઈન બેંકીંગ તથા અન્ય બેંક લગતી સુવિધાઓ ગ્રાહકોને રજા દરમ્યાન પણ ઉપલબ્ધ રહે છે જેથી ગ્રાહકોમાં આ અંગે કોઈ જ સમસ્યા ઉભી થવાના સંજોગો ન હોવાનુ પણ કર્મચારીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

### આ બાબતને કોણ શુ કહે છે ?

રાજ્ય સરકારે બેંકોને ભુતકાળમાં મળતી રજાઓ ઉપર કાપ મુક્યો છે. જેનો અમે વિરોધ કરી રહ્યા છીએ. તેમજ ટુંક સમયમાં સમગ્ર રાજ્યના તમામ બેકીંગ સંગઠનો દ્વારા પણ ઉગ્ર રજુઆત કરવાના છીએ.

-કે.વી. બારોટ, મહામંત્રી

**મહાગુજરાત બેંક એમ્પ્લોઈસ એસોસીએશન**

કેરલમાં ઓરમ તેમજ કલકત્તામાં દુર્ગા પૂજાના તહેવારમાં સ્થાનિક સરકાર કેલેન્ડરમાં રજા નક્કી કરી દે છે. તો જે તે રાજ્યના ધાર્મિક તહેવારોને ધ્યાને લઈ રજાઓ નક્કી કરવી જોઈએ. જેમાં ગુજરાતને અન્યાય થઈ રહ્યો છે. જેની રજુઆત અગાઉ કરેલી છે અને ફરીથી ફેડરેશન દ્વારા રજુઆત કરવામાં આવશે.

-એસ.બી. પટેલ, ગુજરાત બેંક્સ ફેડરેશન

# ડીજી વીજીલન્સ સ્કવોર્ડે ૧૧ પિસ્ટલ, ૪૬ કાર્ટીઝ અને બે મેગ્ઝીન પકડી

## સુરતના રાંદેર વિસ્તારમાં દરોડો પાડી ચાર શખ્સોની ધરપકડ કરી : એક વોન્ટેડ

ગાંધીનગર, તા.૧૧

ડી.જી. વીજીલન્સ સ્કવોર્ડ દ્વારા સુરતમાં ગેરકાયદે હથિયારોનો કારોબાર કરતી ટોળકીને પકડી ફરીદ શેખ, મોહમંદ ઈલીયાસ મોહમંદ બીલાલ કાપડીયા, મોહમંદ અબ્દુલ રઝાક મેમણ શમશાદ ઉર્ફે રાજુ સલીમખાન પઠાણ મળીને ચાર (ડીજી વીજીલન્સ સ્કવોર્ડ) દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. ઈલિયાસ આ વેપારનો મુખ્ય સોદાગર હોવાનું જાણવા મળ્યું છે. આ ગુનામાં



પાડવામાં આવી છે.

સુરતના રાંદેર વિસ્તારમાં સ્થિત ક્રોઝ-વે પાસેના મનરા કોમ્પ્લેક્ષ સહિત ચાર સ્થળોએ દરોડા પાડીને સ્કવોર્ડે મોહમદ વસીમ મોહમદ શખ્સોની દેશી બનાવટની ૧૧ પિસ્ટલ (કિ. રૂ. ૨,૭૫,૦૦૦) બે મેગ્ઝીન તથા ૪૬ નંગ જીવતા કાર્ટીઝ મળી આવ્યા હતાં. ચારેય શખ્સોની ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલ સૈંધવા ગામ, મધ્યપ્રદેશનો શખ્સ ગોવિંદ ચીમલાકર સરદારજી હજુ વોન્ટેડ છે. હથિયારોના સોદાગરોની ઝીણવટભરી પુછપરછ શરુ કરવામાં આવી છે.

# મહુન્દ્રા પાટીયા પાસેથી જૂની બિયર ભરેલી કાર ઝડપાઈ

## ૩૬૦ બિયરનાં ટીન મળીને રૂ. ૧.૮૬ લાખનો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૧

હિંમતનગર-ચિલોડા હાઈવે પર મહુન્દ્રા ગામ પાસેથી પસાર થતી બિયરનો જથ્થો ભરલી એસેન્ટ ગાડી ચિલોડા પોલીસે વોચ ગોઠવીને ઝડપી પાડી હતી. ૩૬૦ નંગ બિયરના ટીન સાથે બે શખ્સોની ચિલોડા પોલીસે ધરપકડ કરી લઈને રૂ. ૧.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પોલીસ મથકની ટીમ હિંમતનગરથી ચિલોડા હાઈવે પર બિયરનો જથ્થો ભરેલી એસેન્ટ કાર નં. જીજે ૦૩ બી.એ. ૧૫૭૨ પસાર થઈ રહી હોવાની બાતમીને આધારે વોચ પર મહુન્દ્રા પાટીયા પાસે બેસી ગઈ હતી. બાતમી વાળી કાર પસાર થતા ઉભી રખાવીને તપાસ કરતાં કારમાંથી ૨. ૩૬ હજારની કિંમતનો ૩૬૦ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧.૫૦ લાખ ની કિંમતની કાર અને બિયરનો જથ્થો મળી કુલ રૂ.૧.૮૬ લાખના મુદ્દામાલ સાથે અમદાવાદ અમરાઈવાડીના બિપીન કુશનપાલશી પરમાર અને યોગેશ દિલીપસિંહ ઠાકોર બંને શખ્સોની ધરપકડ કરી લીધી હતી. ચિલોડા પોલીસે ગુનો દાખલ કરીને બંનેની ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

# મહાત્મા મંદિર પાસેથી ચાર નબીરાઓ પીધેલા ઝડપાયા

ગાંધીનગરના મહાત્મા મંદીર પાસે સેન્ટ્રો ગાડી નં. જીજે ૧ બીસી ૮૬૫૦ શંકાસ્પદ રીતે રાત્રીના સમયે ફરી રહી હતી. જેને પગલે સે-૭ પોલીસે કાર ઉભી રખાવી તપાસ કરતાં ચાર મિત્રો દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. પીધેલી હાલતમાં સે-૧૪ પ્લોટ નં. ૧૨૦/૨માં રહેતા રાહુલ દશરથ પટેલ તથા તેના મિત્રો મહેસાણાના નિલ મહેન્દ્ર પટેલ, ચાંદખેડાના નરેશ બાબુ પટેલ અને રાણીપનાં પિયુષ દેવજી પરમાર મળીને ચારેય મિત્રોની ધરપકડ કરીને સે-૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોળાકુવાના દશામાના મંદિર નજીકથી બિયરનો જથ્થો પકડાયો

## પુર્વ સરપંચ તથા બુટલેગર સહિત પાંચ શખ્સો મહેફીલ માણતા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર-કોબા હાઈવે પર સ્થિત ધોળાકુવા ગામમાં દશામાંના મંદિર નજીક ખુલ્લે આમ દારૂ-બિયરનો વેપલો ચાલતો હોવાની બાતમીને આધારે ઈન્ફોસીટી પોલીસે દરોડો પાડીને ૮૮ બિયરના ટીન ઝડપી લીધા હતાં. જો કે બુટલેગર મળી આવ્યો ન હતો. દોઢ કલાક બાદ ગામનાં જ એક મકાનમાં બુટલેગર તથા એક પુર્વ સરપંચ સહિત પાંચ જણાં દારુની મહેફીલ માણતા પોલીસનાં હાથે ઝડપાઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે બંને ગુના નોંધીને તપાસ શરુ કરી છે.

ઈન્ફોસીટી પોલીસની ટીમને બાતમી મળી હતી કે ધોળાકુવા ગામમાં દશામાંના મંદિર પાસે દારુનો વેપાર થઈ રહ્યો છે. પોલીસે સાંજે દરોડો પાડીને ૮ બિયરના ટીન મળીને રૂ. ૮૮૦૦નો જથ્થો કબ્જે કરી લીધો હતો. જો કે બુટલેગર મળી આવ્યો ન હતો. દોઢ કલાક બાદ ધોળાકુવામાં રહેતા ખોડાજી વેલાજી ઠાકોરના મકાનમાંથી બુટલેગર મુકેશ ગણેશજી ઠાકોર, મકાન માલિક ખોડાજી ઠાકર, બુધાજી ગાભાજી ઠાકોર તથા રાંદેસણના નરેન્દ્રસિંહ ઈશ્વરસિંહ ગોહિલ એ રતનપુરમાં રહેતા પુર્વ સરપંચ લાલસિંહ બિહોલા મળીને પાંચ જણાને દારુની મહેફીલ માણતા ઝડપી લીધા હતાં. પોલીસે બિયરના બે ખાલી ટીન તથા એક વિદેશી દારૂની બોટલ મહેફીલ સ્થળેથી જપ્ત કરીને પાંચેય સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વીમા સુધારા બિલના વિરોધમાં વીમા કર્મચારીઓનો સૂત્રોચ્ચાર

## બીલ પાસ થશે તો કર્મચારીઓ હડતાળ કરશે

ગાંધીનગર, તા.૧૧

વીમા સુધારા બિલના વિરોધમાં આજે એલ.આઈ.સી.ની ગાંધીનગર સ્થિત ડીવીઝન કચેરીના કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ બિલ મુજબની જોગવાઈઓ દેશના અર્થતંત્ર માટે વિઘાતક પુરવાર થાય તેમ હોવાનો આક્રોશ કર્મચારીઓમાં પ્રબળ બન્યો છે. ગઈ કાલે સિલેકટ કરાશે. આ બિલના વિરોધમાં આજે વીમા કર્મચારીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા. એલઆઈસી કર્મચારી યુનિયન ગાંધીનગર ડીવીઝનના મંત્રી સુબોધ ત્રિવેદીએ આ અંગે જણાવ્યું હતું કે



ગઈ કાલે સિલેકટ કમિટી દ્વારા વીમા સુધારા બિલ રાજયસભામાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. આગામી સમયમાં આ બીલ રાજયસભામાં પસાર થશે તો એલ.આઈ.સી. ના કર્મચારીઓ દ્વારા એક દિવસની પ્રતિક હડતાળ કરવામાં આવશે.

વીમા સુધારા બિલનો વીમા કર્મચારીઓ દ્વારા છેલ્લા ૬ વર્ષથી કમિટી દ્વારા વીમા સુધારા બિલ રાજયસભામાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. સિલેકટ કમિટીએ વીમા કંપનીઓમાં સીધા વિદેશી રોકાણની મર્યાદા ૨૬ ટકાથી ૪૯ ટકા કરવાની ભલામણ કરી છે. આ બિલ કેબિનેટ કક્ષાએ મંજૂર કરવામાં આવ્યું છે. જયારે આગામી સપ્તાહમાં આ બિલ રાજયસભામાં પસાર કરવા રજૂ દેશભરના વીમા કર્મચારીઓએ આ મામલે વિરોધ પ્રદર્શિત કર્યો છે. ગાંધીનગર સ્થિત એલઆઈસીની ડીવીઝન કચેરીના ૧૫૦ જેટલા કર્મચારીએ પણ આજે સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યકત કર્યો હતો. આ તબક્કે બિલ પસાર થશે તો બીજા દિવસે હડતાળ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું.

# કુપન રેકેટમાં પકડાયેલા બે પોલીસ કર્મીઓ રિમાન્ડ પર

ગાંધીનગર એસીબીની ટીમોએ ડીકોય ગોઠવીને હાઈવે પરનું કુપન ટોકન હપ્તા રેકેટ પકડી બે પોલીસ કર્મચારીઓને પીસીઆર વાન સાથે પકડી પાડ્યા હતા. બંને પોલીસ રમેશચંદ્ર નાયક અને ભરત ચૌધરીને ૧૫ ડિસેમ્બર સુધીના રિમાન્ડ કોર્ટે મંજુર કર્યા છે. મહેસાણા એસીબી પીઆઈ પરમારે બંનેની ઝીણવટભરી પુછપરછ શરૂ કરીને હપ્તા રેકેટના મુળ સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

# કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા સફાઈ અભિયાન

ગાંધીનગરના કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત સ્વચ્છતા અભિયાન અંતર્ગત તા. ૧૬મી ડિસેમ્બરે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન સે-૧૨માં આવેલ બલરામ પરિસર તથા ઉમિયા માતાજી મંદિર અને ઘ-રોડ વચ્ચેની જગ્યામાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

# રવિવારે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટનો સ્નેહમિલન સમારંભ યોજાશે

## સ્નેહમિલન સમારંભ પહેલા સવારે મહારકતદાન કેમ્પ તેમજ બપોરે ડૉ. જગદીશ ત્રિવેદીનો હાસ્ય દરબાર યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૪મી ડિસેમ્બર રવિવારે બપોરે ૩ થી ૬ વાગ્યા દરમિયાન સે-૧૭ના ટાઉનહોલ ખાતે હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. આ હાસ્ય દરબારમાં આંતરરાષ્ટ્રીય હાસ્ય કલાકાર ડૉ. જગદીશ ત્રિવેદી હાસ્યરસ પીરસશે. આ કાર્યક્રમ બાદ સમાજ સેવા ટ્રસ્ટનો સ્નેહમિલન સમારંભ યોજાશે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના આ સ્નેહમિલન સમારંભમાં સંસ્થાના સભ્યો પરિવાર સહિત સૌરાષ્ટ્ર કચ્છના નવા વરાયેલા સરકારના ચેરમેનો, બોર્ડ નિગમના ડીરેકટરો સાથે કાઠિયાવાડી ભોજનનો આનંદ માણશે આ ભોજન માટે ઉઘરાવાયેલ પાસ ટોકનની રકમ દાન કરવામાં આવનાર છે. તમામ સભ્યોને સમયસર ભોજન પાસ મેળવી લેવા વિનંતી કરાઈ છે. આ ઉપરાંત આ દિવસે સવારે ૧૧ વાગે હોટલ પ્રેસીડેન્ટ ખાતે યોજાનાર મહારકતદાન કેમ્પમાં સંસ્થાના સભ્યોના પરિવાર દ્વારા રકતદાન કરવા ઉમટી પડવા હાકલ કરાઈ છે.

# રવિવારે ગાંધીનગર સાહિત્ય સભાની માસિક બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની સાહિત્ય સભાની માસિક સભા તા ૧૪મી ફેબ્રુઆરી રવિવારે સાંજે ૫ વાગે સે-૨૧માં સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને યોજાશે આ સભામાં સરકારી વિજ્ઞાન કોલેજમાં બીએસસીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી કુ. અર્ચના સોનેરી તેમજ મહુવાના કવયિત્રી સુચિતા કપુરનો કાવ્ય પઠનનો કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત સ્વ. ચંદ્રકાન્ત વાગડિયાના હાસ્યલેખ સંગ્રહ 'વ્યંગ બાય વાગડિયા'નો વિમોચન સમારોહ અને લોકાર્પણ વિધિ પણ કરવામાં આવશે. આ સભામાં ઉપસ્થિત રહેવા નગરના તમામ સાહિત્ય પ્રેમીઓને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગુજરાત વાલીમંડળના પ્રમુખ શંકરભાઈ પટેલનું અવસાન

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વાલી મંડળના પ્રમુખ અને અમદાવાદ એપીએમસીના ડીરેક્ટર તેમજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામના પૂર્વ સરપંચ શંકરભાઈ આઈ. પટેલનું તા. ૧૦મી ડિસેમ્બરે અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે દુ:ખદ અવસાન થયું છે. સ્વ. શંકરભાઈ અમદાવાદની એલ.ડી.આર્ટસ કોલેજના પૂર્વ પ્રોફેસર હતા તેમજ દશગામ સમાજ અને દશગામ લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળના પ્રમુખ પણ હતા. અવસાન બાદ તેમના ચક્ષુનુ દાન પણ કરવામાં આવ્યું હતું. તેમના પાર્થિવ શરીરને પુષ્પાંજલિ કરવા છારોડી અને મેમનગર ગુરુકુળના સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રામાં પણ કેળવણીકારો, સમાજ સેવકો તેમજ રાજકિય આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.



ગુરૂવાર તા. ૧૧ ડિસેમ્બરના રોજ બાપા સીતારામ સેવા ટ્રસ્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર દ્વારા બાપા સીતારામ મઢુલીનો ૯મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સવારે ૧૧ થી બપોરે ૨ સુધી બટુક ભોજન (પ્રસાદ) માટે સેક્ટર-૨૪ સ્થિત વિવેકાનંદ સ્કૂલ, સરકારી શાળા-૧, સરકારી શાળા-૨, સેક્ટર-૨૩-૧ પ્રા.શાળા, સે. ૨૪ ઈન્દિરાનગરના બાળકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૩
સૂર્યાસ્ત : ૫.૫૪

### તાપમાન

મહત્તમ : ૩૦.૨ ડિ.સે.
લઘુત્તમ : ૧૫.૪ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૪૪ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૨ :
બદલાપુર બોય : ૧૧.૪૫, ૫.૦૦, ૧૦.૦૦
મેં ઓર મિ. રાઈટ : ૨.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
મેં ઓર મિ. રાઈટ : ૧૧.૦૦, ૪.૦૦, ૯.૦૦
બદલાપુર બોય : ૧.૩૦, ૬.૩૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
: સ્ક્રીન-૩ :
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઈંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધ હંગર ગેમ : ૫.૦૦
: સ્ક્રીન-૪ :
એકશન જેકસન : ૧૦.૦૦
ઝીદ : ૧.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦
ઉંગલી : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦
: સ્ક્રીન-૬ :
એકશન જેકસન : ૪.૪૫
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
ઉંગલી : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજ્ય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ. મીનાબેન મદનલાલ બગ્ગા (ઉ.વ.૭૫) ૭૬, શ્રીનાથ રેસીડન્સી, અડાલજ, ગાંધીનગર
- સ્વ. પોપટલાલ અંબાલાલ સુથાર (ઉ.વ.૫૮) મુ. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. શકરીબેન જવાનજી ઠાકોર (ઉ.વ.૮૦) મુ. વાવોલ, તરપોજ, તા.જી.ગાંધીનગર
- સ્વ. ગોમતીબેન હિરજીભાઈ ગોહિલ (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૧૬૭/૧, સેક્ટર-૨૫, ગાંધીનગર